| PUBLICATION NAME : | Gujarat Pranam |
|---|---|
| EDITION : | Ahmedabad |
| DATE : | 19/03/24 |
| PAGE : | 2 |

# ઈડીઆઈઆઈએ આંત્રપ્રિન્યોરશિપ ઈકોસિસ્ટમને મજબૂત બનાવવા માટે એમએસયુ બરોડા સાથે એમઓયુ કર્યો



અમદાવાદ, ૧૮ માર્ચ, ૨૦૨૪ – આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ), અમદાવાદે શનિવાર, ૧૬ માર્ચ, ૨૦૨૪ના રોજ ગુજરાતના વડોદરામાં મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડા (એમએસયુ) સાથે સમજૂતીપત્ર (એમઓયુ) કર્યો છે.

આ એમઓયુ પર એમએસયુ બરોડાના વાઈસ ચાન્સેલર પ્રો. (ડો.) વિજય કુમાર શ્રીવાસ્તવ અને ઈડીઆઈઆઈના ડિરેક્ટર જનરલ ડો. સુનીલ શુક્લાએ હસ્તાક્ષર કર્યા હતા. આ સહયોગનો ઉદ્દેશ આ બંને સંસ્થાઓની નિપુણતાનો લાભ લઈને પ્રદેશમાં આંત્રપ્રિન્યોરશિપ ઈકોસિસ્ટમને મજબૂત બનાવવાનો છે.

એમઓયુ વિદ્યાર્થીઓમાં ઉદ્યોગસાહસિકતા તથા સ્ટાર્ટઅપ ક્લાઈમેટને મજબૂત કરવા માટે સંયુક્ત પહેલ માટેનો માર્ગ મોકળો કરશે. એમઓયુના ભાગરૂપે ટ્રેનિંગ, કેપેસિટી બિલ્ડિંગ, મેન્ટરિંગ, નવા વિચારોને પ્રોત્સાહન આપવા તથા વિદ્યાર્થીઓમાં ઉદ્યોગસાહસિકતાની ભાવના જાગે તે માટે તેમને પૂરતી સહાય કરવાનો સમાવેશ થાય છે. ઈડીઆઈઆઈ અને એમએસ યુનિવર્સિટીની નિપુણતાઓને એકત્રિત કરીને આ ભાગીદારી વાઈબ્રન્ટ આંત્રપ્રિન્યોરશિપ કલ્ચરને પ્રોત્સાહન આપવા માટે આતુર છે.